## વડોદરાના છઠ્ઠા જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, વડોદરા.

---

**ફોજદારી કેસ નં.1024_2026**

**ફરીયાદી :–** **શ્રી સરકાર**

**વિરુધ્ધ.**

**આરોપી :–** **રમણભાઈ ભારમલભાઈ ચુનારા,**
રહે. વડોદરા.

**ગુનો :–** ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ–૬૬(૧)(બી), ૮૫ મુજબ.

### :: ચૂકાદો ::

(૧) આ કામના આરોપી/આરોપીઓ વિરુધ્ધ ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ–૬૬(૧)(બી), ૮૫ મુજબનો ગુનો નોંધાયેલ છે અને ત્યારબાદ તપાસ કરનાર અધિકારીએ ગુનાની તપાસ કરતાં આરોપી/આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો હોય, ઉપરોકત કલમ હેઠળના ગુનાનું ચાર્જશીટ રજુ કરવામાં આવતા ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ–૬૬(૧)(બી), ૮૫ અન્વયે આરોપી/આરોપીઓ સામે સમન્સ ઈશ્યુ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૨) આરોપી/આરોપીઓ અદાલત સમક્ષ હાજર થતાં બી.એન.એસ.એસ.ની કલમ–૨૩૦ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો મળ્યાની ખાતરી કર્યા બાદ આરોપી/આરોપીઓને ગુનો વાંચી, સંભળાવી, સમજાવતા આરોપી/આરોપીઓએ ગુન્હા કબુલાતની પુરશીશ રજુ કરી ગુનાની સ્વૈચ્છિક કબુલાત કરેલી છે. આરોપી/આરોપીઓને તેમની સામેના ગુનાની હકીકત વાંચી–સંભળાવી, સમજાવતા, આરોપી/આરોપીઓ એ કોઈપણ જાતની ધાક–ધમકી કે દબાણ વગર સ્વેચ્છાએ ગુનો કબુલ કરતાં હોય તેમ જણાવે છે. જેથી આરોપી/આરોપીઓની ગુના સબંધે પ્લી રેકર્ડ કરતાં તેમાં પણ આરોપીએ ગુનો કબૂલ હોવાનું સ્વીકારી અને તેમનો પ્રથમ ગુનો હોઈ અને પોતે બાળ–બચ્ચવાળા હોઈ, અને કુટુંબના ભરણપોષણની જવાબદારી તેમના શિરે હોવાનું જણાવી હળવી સજા કરવા વિનંતી કરેલ છે.

(૩) આરોપી/આરોપીઓની ગુનાની કબુલાત જોતાં તે સ્વૈચ્છિક હોવાનું જણાયેલ છે. જેથી આરોપી/આરોપીઓની ગુના કબુલાત સ્વીકારી આરોપી/આરોપીઓની ગુના અંગેની વિગતો તથા તેઓએ ગુનો કબુલ કરેલ છે. તે હકીકત તેમજ **નામદાર ગુજરાત વડી અદાલતે ૨૦૦૫(૧) જી.એલ.આર. પાના નં.૭૦૯ સ્ટેટ ઓફ ગુજરાત વિ.નટવર હીરાચંદજી ઠાકોર તેમજ ૨૦૧૩(૨) જી.એલ.આર. પાના નં. ૯૭૪, રમેશચંદ્ર ભીખાલાલ વિ.સ્ટેટ ઓફ ગુજરાત**ના ચૂકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો અનુસાર આરોપી/આરોપીઓને હળવી સજા કરવાનું વાજબી જણાતું હોય, નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

### –:: હુ ક મ ::–

આ કામના આરોપી/આરોપીઓને બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૫ અન્વયે ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ–૬૬(૧)(બી) મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી, રૂા.૨૦૦/– (અંકે રૂપિયા બસ્સો પુરા) નો દંડ કરવામાં આવે છે દંડ ન ભરે તો દિન–૦૨ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામે કબ્જે કરેલ વેલ્યુએબલ મુદામાલ અંગે અગાઉ જો કોઈ વચગાળાનો હુકમ થયેલ હોય તો તે આથી કાયમી કરવામાં આવે છે. અન્યથા મુદામાલની માલીકી અંગે ખરાઈ કરી મુળ માલિકને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે તેમજ સદર કામે કબજે કરેલ નોન વેલ્યુએબલ મુદામાલનો અપીલ સમય પુરો થયેથી નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આજરોજ અદાલતની સ્પે.સીટીંગમાં હુકમ જાહેર કર્યો.

તા.૧૧.૦૭.૨૦૨૬
વડોદરા.

**(તૃપ્તિ હસમુખલાલ ઠકકર )**
છઠ્ઠા જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
વડોદરા
**CODE NO. GJ01694**

પાવતી નં. /૨૦૨૬
દંડ રૂા.
તારીખ:૧૧.૦૭.૨૦૨૬ ચીફ કોર્ટ, વડોદરા.